ક્રિમીનલ કેસ નં.૨૭૮/૨૦૨૫

**આંક –**

**<u>આરોપીની જુબાની</u>**

**<u>હળવદના મહે એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ કે</u>**

મારૂ નામ :– સુનીલ કુમાર નાગરભાઈ પટેલ

મારા પિતાનું નામ:– નાગરભાઈ પટેલ

મારી ઉંમર આશરે :– ૪૨ વર્ષ

ધંધો :– ખેતી

રહેનાર :– સરવાલ, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર

સવાલ **:–** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

જવાબ **:–** હાજી.

**સવાલ** **:–** ફરીયાદી રતનપર તા.ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર ખાતે રહીને ખતી કામ કરે છે. મોટી ખેતી હોય ખેતીની મોટી આવક મેળવે છે. તમો આરોપી સરવાલ, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર ખાતે રહીને વેપાર કરો છો અને તમો તથા ફરીયાદી ઘણા સમયથી સંપર્કમા હોય જેથી તમો આરોપીના પિતા નાગરભાઈ મોહનભાઈ પટેલ તથા ફરીયાદીના ધર્મ પત્ની વર્ષાબેન રતનશી ઉધોગમા ભાગીદાર છે અને તે ઉધોગ ઉમા ભવન ઓચલ ઈન્ડ. ના નામથી રતનપર, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર ખાતે આવેલ છે. તમો આરોપીને વેપારના કામકાજ સબબ નાણાની જરૂરીયાત ઉભી થતા તમો આરોપીએ ફરીયાદીને મદદ કરવા કહેલ અને ફરીયાદી પાસે તમો આરોપીએ અન્ય ધંધાના કામ સબબ રૂા.૬૬,૫૦,૦૦૦/– હાથઉછીના દિન ત્રીસમા પરત કરવાની ખાત્રી સાથે માગણી કરતા ફરીયાદી ખેતીમાંથી દર વર્ષે આવક મળતી હોવાથી અને તમો આરોપી સાથે વેપારી સબંધ હોવાના કારણે ખેતીની નીપજમાથી આવતી રકમ તથા ફરીયાદીના સગાવહાલા પાસેથી હાથઉછીના લઈ ફરીયાદીએ તમો આરોપીને રૂા.૬૬,૫૦,૦૦૦/– હળવદ તથા ધ્રાગધ્રા એપીએમસી સહીત અન્ય

વેપારીને ખેતીની જણસ વેચાણ કરેલ. તેમાથી મળેલ નાણા રૂા.૬૬,૫૦,૦૦૦/– રોકડા તમો આરોપી તથા ફરીયાદીના સબંધી પ્રતાતસિંહ વાઘુભાઈ ચૌહાણ રહે. રતનપર, તા.ધ્રાગધ્રા, જી. સુરેન્દ્રનગરવાળાની હાજરીમા રોકડા આપેલ જે રકમ તમોએ ત્રીસ દિવસમા પરત કરવાની હતી અને તે રકમની માંગણી કરતા તમો આરોપીએ તા.૧૪/૦૨/૨૦૨૫નાં રોજ એચડીએફસી બેન્ક ધ્રાંગધ્રાશાખાનો ચેક નંબર ૦૦૦૦૧૮ તારીખ ૧૩/૦૩/૨૦૨૫વાળો લખી અને ચેકમાં સહી કરીને આપેલ અને આ કામના ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેંકમાં જમાં કરાવશો એટલે તમોને તમારી ચેકની લેણી રકમ ચોકકસ વસુલ મળી જશે. ત્યારબાદ આ કામના ફરીયાદીએ  સદરહું ચેક પોતાના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક, સાપકડાશાખાના ખાતામાં જમાં કરાવતા  તા. ૧૩/૦૩/૨૦૨૫નાં રોજ સદરહું ચેક પેમેન્ટ સ્ટોપ ના શેરા સાથે પરત ફરેલ અને ફરીયાદીને ચેકની લેણી રકમ મળેલ નહી અને આમ કરીને ચેકની રકમ ન ચુકવતા તારીખ ૨૫/૦૩/૨૦૨૫નાં રોજ ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફતે આર.પી.એ.ડી.થી તમો આરોપીને નોટીસ મોકલેલ. જે નોટીસ તમોને તા. ૨૬/૦૩/૨૦૨૫નાં રોજ ધોરણસર બજી ગયેલ હોવા છતા તમોએ  સદર નોટીસનો ખોટો બોગસ અને તથ્ય વગરનો જવાબ આપેલ અને ચેક મુજબની લેણી રકમ રૂા.૬૬,૫૦,૦૦૦/– ચુકવેલ નથી. તેમ કરીને તમોએ નેગોશ્યીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે તમોને ગુનો કબુલ છે?

**જવાબ :–** ના જી મને  ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

**સવાલ :–** ફરીયાદીએ ફરીયાદની સાથે રજુ રાખેલ **આંક–૫** ની સોગંધ ઉપરની સરતપાસમાં દસ્તાવેજી પુરાવા **આંક–૬ થી આંક–૧૧** રજુ રાખેલ છે. તો તમારે આ  દસ્તાવેજમાં જણાવેલ  વીગતો બાબતે તમો આરોપીએ શુ કહેવુ છે?

**જવાબ :–**  ચોરીથી ચેક મેળવીને ચેકનો દુરઉપયોગ કરેલ છે.

**સવાલ:–** તમો ફરીયાદીને નાણા પરત કરવા માગો છો કે  નેગોશ્યીએબલ ઈન્સ્ટ્રેમેન્ટ

એકટની કલમ–૧૪૫ મુજબ તમો તમારો બચાવ રજુ કરવા માગો છો ?

**જવાબ :–** બચાવ રજુ  કરવા માગીએ છીએ.

..............................................

તારીખ– ૦૬/૧૨/૨૦૨૫

સ્થળ –હળવદ. મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશનલ ચીફ જ્યુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧